નવેમ્બર ૨૦૧૬
કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## સંપ ત્યાં જંપ



તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૩
સળંગ અંક : ૯૯
નવેમ્બર ૨૦૧૬

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# સંપાદકીય

બાળમિત્રો,

'સંપ ત્યાં જંપ' આ કહેવત આપણે સ્કૂલમાં શીખ્યા જ છીએ. જ્યાં સંપ હોય ત્યાં શાંતિ હોય, જ્યાં સંપ હોય ત્યાં શક્તિ હોય અને જ્યાં સંપ હોય ત્યાં સલામતી હોય. હા,આ હકીકત છે. જાણવું છે કેવી રીતે ? તો આવો, આ અંક વાંચીએ અને સંપીને રહેવાનું મહત્વ જાણીએ. અને આપણે પણ આજથી જ સંપીને રહીને એના ફાયદા જાતે જ અનુભવીએ.

-ડિમ્પલ મહેતા

# સંપ ત્યાં જંપ



# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : આપણી કુટુંબ ભાવના હોય કે બધા સંપીને રહીએ પણ અથડામણ થયા કરે. ત્યારે શું કરવું ?

દાદાશ્રી : શું કરો છો, આવું બને છે ત્યારે ?

પ્રશ્નકર્તા : આવું બને છે ત્યારે થોડીવાર ચકમક થાય પછી એની મેળે જ બધું ટાઢું પડે. પાછું બે-ચાર દહાડે થાય. એવું ચાલ્યા કરે.

દાદાશ્રી : જેને ઘરે ક્લેશ નહીં, ત્યાં ભગવાનનો વાસ રહે, નહીં તો સહેજ ક્લેશ થાય તો ભગવાન જતાં રહે.

પ્રશ્નકર્તા : પૂજાપાઠ નિયમિત રોજ થાય છે.

દાદાશ્રી : પૂજાપાઠનો સવાલ નથી. પણ ઘરનાં માણસોમાં ક્લેશ ના રહેવો જોઈએ. મહિનામાં એકુંય દહાડો અથડામણ ન થવી જોઈએ. પૂજાપાઠ ઓછું થશે તો ચાલશે, ભગવાન કંઈ એવું પૂજાના ભૂખ્યા નથી. ભગવાન તો એટલું જ જુએ છે કે આ ઘરમાં સંપ છે કે ક્લેશ છે ! જો ક્લેશ છે તો હું રહેવા માંગતો નથી અને સંપ હોય તો હું કાયમ જવા માંગતો નથી. તમને કયો ફાયદો લાગે છે ?

પ્રશ્નકર્તા : સંપ હોય તે.

દાદાશ્રી : હં... જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી સંપ ના થાય. સામો વાંકો થાય તો આપણે સીધા ચાલવું. એનું સમાધાન કરવું જોઈએ, ઉકેલ લાવવો જોઈએ. એની બાઝવાની તૈયારીમાં આપણે એકતા રાખવી જોઈએ. એ જૂદું પાડ પાડ કરે તો આપણે કહેવું કે આપણે એક છીએ.

૧


બધાંની જોડે હળીમળીને ચાલો તો મહીં 'કોમન સેન્સ' વધે.



3

સંપ હોય ત્યાં શાંતિ હોય અને ત્યાં જ સુખ અને આનંદ હોય.




આ તો નવી જ વાત !
૨
હૃદયપૂર્વકનું
ત્યાં એકતા
ને બુદ્ધિપૂર્વકનું
આવ્યું કે ત્યાં
આગળ ડખો.
૪
ક્લેશ હોય ત્યાં
ભગવાન ના હોય.

# સંપની ચાવી

રવિ સ્કૂલે જવા તૈયાર થઈ ગયો અને પાછી ઘરમાં સવાર સવારની કચકચ ચાલતી હતી.

મમ્મી ચિડાઈને બોલતી હતી, "આજે તો મારી કિટીપાર્ટી છે. બધા માટે બધું તો મારે જ કરવું પડે છે અને ઉપરથી તમારા બધાના હુકમો, આ લાવ ને તે લાવ.."

એક બાજુ પપ્પાનું ચાલતું હતું, "તું તારા કામમાં પહોંચી ના વળે, તેમાં બીજાનો વાંક ના કાઢીશ. દરરોજ તારે લીધે મને ઓફિસે મોડું થઈ જાય છે, કોઈ દિવસ એકેય વસ્તું ઠેકાણે ના મળે."

બીજી બાજુ દાદાના અવાજો, "સવારની ચા બપોરે મળશે કે શું ? આ છાપાવાળા પણ એનું એ જ છાપે છે રોજ!"

રવિ મોટાભાઈને પૂછવા ગયો કે સ્કૂલે એ મૂકવા આવી શકે તેમ છે કે નહીં?

"પપ્પા... ! આ ઈન્ટરનેટ કેમ આટલું બધું ધીરું ચાલે છે ? ઓહો રવિ ! મારા ફ્રેન્ડ સાથે ફેસબુક પર ચેટ ચાલે છે. તું પાડોશમાં તારી ક્લાસમેટ ખુશી અને એના પપ્પા સાથે જતો રહેને !" મોટાભાઈએ એના લેપટોપમાંથી માથું કાઢ્યા વગર જ સલાહ આપી.

રવિએ ઉતરેલા મોઢે બહાર જતા જતા



"આવજો, જય શ્રીકૃષ્ણ" કહ્યું પણ કોઈને પોતાનામાંથી જ ફુરસદ ન હતી કે એને જવાબ આપે!

રવિ બાજુમાં ખુશીના ઘર તરફ વળ્યો કે તરત ખુશીના પપ્પા સ્કૂટર સ્ટાર્ટ કરતા બોલ્યા, "આવ બેટા! બેસીજા, અમે તારી જ રાહ જોતા હતા." રવિ પાછળની સીટ પર ખુશીની પાછળ ગોઠવાઈ ગયો અને બોલ્યો "અંકલ! તમને કેવી રીતે ખબર કે આજે પણ...અ... અમારા ઘરની બુમાબુમ..."

ખુશીની મમ્મી ખુશીને દફતર પકડાવતા વચ્ચે બોલી, "આવીને બધી વાતો, પહેલા સ્કૂલે જાઓ, નહીં તો મોડું થઈ જશે." દરવાજે ઊભેલા ખુશીના બાએ પણ સ્મિત સાથે હાથ હલાવીને, 'આવજો' કહ્યું.

આખા રસ્તે મનમાં રવિને એક જ વિચાર ચાલ્યો, "આ ખુશીના ઘર જેવી સુખ-શાંતિ મારા ઘરે કેમ નથી?" એ વિચાર એનો સ્કૂલમાં પણ સતાવતો રહ્યો અને સાંજે ઘરે આવ્યા પછી પણ એના મનમાં એ જ ઉદાસી...

*"આ ખુશીના ઘર જેવી સુખ-શાંતિ મારા ઘરે કેમ નથી ?" એ વિચાર એને સ્કૂલમાં પણ સતાવતો રહ્યો અને સાંજેઘરે આવ્યા પછી પણ એના મનમાં એ જ ઉદાસી...*

ખુશીના બાએ એને ઉત્સાહમાં લાવવા પૂછ્યું, "આવી ગયા બેટા ! કેવો રહ્યો દિવસ તમારો ? ચાલો હાથ-મો ધોઈ લો, થોડો નાસ્તો કરીને તાજા-માજા થઈ મને વાત કરો કે આજે સ્કૂલમાં શું કર્યું?"

એટલામાં તો ખુશીની મમ્મી બંને માટે દૂધ અને નાસ્તો લઈને આવી, "રવિ! તારા ઘરે અત્યારે કોઈ નથી. ચાવી અહીં આપી છે અને સાંજે તારી મમ્મી આવીને તને લઈ જશે."

છોકરાઓએ નાસ્તો કરીને, હોમવર્ક પતાવ્યું. પછી ખુશી બોલી, "ચાલ રવિ, આપણે બહાર રમીએ." રવિએ કંઈ જવાબ ના આપ્યો.

રવિને મન ન હતું, એટલે એ બહાર બા પાસે હીંચકે બેઠો. ખુશી પણ બાની બીજી બાજુ બેસતા બોલી, "બા, આજથી અમારે સ્કૂલમાં ગ્રુપ પ્રોજેક્ટ્સ આપ્યા છે અને ચાર-ચારના ગ્રુપ છે. રવિ અને હું એક જ ગ્રુપમાં છીએ પણ બીજા બે છોકરાઓ નવા આવેલાં છે."

બાએ રવિ સામે જોઈને કહ્યું, "હવે એ તમારી સાથે છે તો એ તમારા જ ગણાયને?"

રવિએ જવાબ આપ્યો, "એ અમારા ફ્રેન્ડ નથી, બીજી સ્કૂલથી આવેલાં છે એટલે એમની રીત પણ અલગ પડે છે."

બા બોલ્યાં, "અલગ અલગ રંગ, આકાર અને સુગંધવાળા ફૂલો ભેગા કરીને માળા બનાવીએ તો એ કેટલી સુંદર લાગે ? તો એમની રીત તમે જોઈ લો અને તમારી રીત એમને બતાવી દો. જે રીત બધાને ફાવે એવી હોય, એ રીતે કરો."

પછી બાએ ઉમેર્યું, "પેલા ઘરડા પિતાએ એમના ચાર દીકરાઓને એક એક લાકડી ભાંગવા કહ્યું હતું, તો તે બધાથી તરત ભંગાઈ ગઈ હતી અને જ્યારે લાકડીઓનો ભારો ભાંગવા આપ્યો ત્યારે કોઈથી ના ભંગાયો. એ વાત યાદ છે ને? સંપમાં જ શક્તિ છે. હજારો વાર્તાઓ બની છે, સંપનું મહત્વ સમજાવવા અને આપણા ઈતિહાસમાં એવા કેટલાયે બનાવો છે જેમાંથી આપણને સમજાય છે કે જ્યાં સંપ ના રહ્યો, ત્યાં મોટા મોટા લશ્કરોએ પણ હાર જોવી પડી છે. અરે! સંપ ના હોય તો તો કોઈ બહારનું

એનો ગેર ફાયદો ઉઠાવી જાય અને આપણને નુકસાન પહોંચાડી જાય. ઘર હોય કે બહાર, જો સંપ ના હોય તો કોઈ કામમાં ભલીવાર ના આવે અને જો સંપીને રહે તો કોઈ કામ અઘરું ના રહે!

રવિ બાનો ઈશારો સમજી ગયો પછી ધીમેથી પૂછ્યું, "બા, એકતા અને સંપની વાર્તાઓ તો ઘણી બધી સાંભળી છે પણ એ સંપ રહે કેવી રીતે?"

ખુશી બોલી, "બા, એ બે છોકરાઓ તો પોતાની રીતે પોતાનું જૂદું જ કર્યા કરે છે અમને કશું કહેતા કે બતાવતા પણ નથી."

બાએ હસીને પૂછ્યું, "તમે એમને કશું બતાવ્યું? કશું પૂછ્યું?"

રવિએ જવાબ આપ્યો, "ના."

તો કાલે તમે સામેથી જઈને વાત કરજો અને કહેજો કે "આપણે એક જ ગ્રુપ છીએ. બોલો કેવી રીતે કરવું છે? પછી ચારે એક એક ભાગ કામ વહેંચી લેજો, એટલે દરેકના ભાગે ચોથા ભાગનું જ કામ આવશે અને દરેકના કામનો લાભ બધાને મળશે." બાએ ઉકેલ બતાવ્યો, "સામો વાંકો ચાલે તો આપણે સીધા ચાલવું. એ જૂદું પાડ પાડ કરે તો આપણે કહેવું કે આપણે એક છીએ. બધાની જોડે હળીમળીને ચાલો તો એકબીજાની આવડતનો લાભ મળે."

*"બાએ ઉકેલ બતાવ્યો, સામો વાંકો ચાલે તો આપણે સીધા ચાલવું. એ જૂદું પાડ પાડ કરે તો આપણે કહેવું કે આપણે એક છીએ. બધાની જોડે હળીમળીને ચાલો તો એકબીજાની આવડતનો લાભ મળે."*

પછી બાએ રવિને સમજાવ્યું, "ઘરમાં પણ જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી સંપ ના થાય. એકબીજાનું સમાધાન કરવું જોઈએ, ઉકેલ લાવવો જોઈએ. બીજાની બાઝવાની તૈયારીમાં આપણે એકતા રાખવી.

સાંજ પડતા રવિ ઘરે ગયો. રાત્રે સૂતી વખતે બાની વાતો વાગોળતો રહ્યો. કંઈક નક્કી કરીને એ સૂઈ ગયો."

બીજા દિવસે સ્કૂલમાં બાએ કહ્યા પ્રમાણે રવિ અને ખુશી ગ્રુપના પેલા બે છોકરાઓ સાથે સામે ચાલીને પ્રેમથી વાત કરી અને પ્રોજેક્ટ વિષેની ચર્ચા કરી. બધાએ એકબીજાને મદદ કરી અને સૌથી પહેલો એમના ગ્રુપનો પ્રોજેક્ટ પૂરો થયો. ઉપરથી બે નવા ગાઢ મિત્રો પણ બન્યા.

આજે રવિ ખુશ ખુશાલ ઘરે આવ્યો. આવીને ઘરકામ પતાવીને એણે પપ્પાની બધી જરૂરી ચીજ વસ્તુઓ વ્યવસ્થિત ઠેકાણે મૂકી દીધી. સાંજે મોટા ભાઈને રૂમ ગોઠવવામાં મદદ કરી અને રાત્રે સૂતા પહેલાં દાદાના પગ દબાવી આપ્યા.

બીજા દિવસે સવારે વહેલો ઊઠીને તૈયાર થઈ ગયો અને પછી મમ્મીના કામમાં મદદ કરવા માંડ્યો. ચા-નાસ્તો દાદાને ટેબલ ઉપર આપી આવ્યો. આ બધું જોઈને ઘરના બધા આશ્ચર્યચકિત થઈ ગયા. ઉદાસ અને ચૂપચાપ રહેવાને બદલે આજે રવિ ઉત્સાહમાં બધાને જ કંઈ ને કંઈ મદદ કરવા લાગતો હતો!

દાદાથી ના રહેવાયું અને પૂછ્યું, "કેમ બેટા! તું કેમ બધાનું કામ કરે છે? રહેવા દે, તું તો સૌથી નાનો છે. તું તારે નિરાંતે સ્કૂલે જા, બધા પોતપોતાનું કરી લેશે."

રવિએ જવાબ આપ્યો, "આપણે બધા એક જ છીએ તો બધાનું કામ પણ મારું જ કામ થયું ને?" પરિવારના સૌથી નાના સભ્યની આ સચોટ વાત સાંભળીને બધા અવાક્ જ થઈ ગયા અચાનક જાણે બધાની આંખો ખુલી ગઈ.

એ દિવસે મોટાભાઈ બાઈક પર રવિને સ્કૂલે મૂકવા આવ્યા અને કહ્યું, "હવેથી કોલેજ જતા પહેલા

તને અને ખુશીને રોજ હું જ સ્કૂલે મુકી જઈશ અને આવતા આવતા લેતો આવીશ. ખુશીના પપ્પાને પણ કહી દે જે કે તેઓ સીધા ઓફિસે જાય.''


બીજા દિવસની સવાર રવિના આશ્ચર્ય સાથે એવી પડી કે બધા પોતપોતાનું કરવાને બદલે એકબીજાનું કામ કરાવી રહ્યા હતા ! પપ્પા અને મમ્મી મળીને સવારનું કામકાજ કરી રહ્યા હતા. રવિને એના મોટાભાઈ તૈયાર થવામાં મદદ કરી રહ્યા હતા. દાદાજી પણ નાનું મોટું આમ-તેમ કરી રહ્યા હતા. કોઈની ફરિયાદ કે બૂમ ન હતી. દરેકના મોઢા ઉપર સંતોષ અને આનંદ છલકાતો હતો.

આ જોઈ રવિએ સંપની ચાવી આપવા બદલ મનોમન ખુશીના બાનો આભાર માન્યો.


તો સમજ્યા દોસ્તો ! સંપ ત્યાં જંપ તો બધાને ખબર હશે જ પણ એ કેવી રીતે થાય એની ચાવી તમને પણ મળી ગઈને? જ્યાં સ્વાર્થ હોય ત્યાં સંપ ના જ હોય. રવિની જેમ તમે પણ એ ચાવી ઘરમાં, સ્કૂલમાં અને બીજે જ્યાં જ્યાં જરૂર હોય, ત્યાં વાપરી તો જોજો ! સુખ અને શાંતિનું વાતાવરણ થઈ જશે અને બધા ઉકેલ આપોઆપ જ આવી જશે.



# સંપની શક્તિ



એક બહુ જ નાનકડું ગામડું હતું. દસેક ખેડૂતોના કુટુંબો ખૂબ સુખ અને શાંતિથી રહેતા હતા. ગામ લોકો અભણ અને ભોળા પણ પ્રેમાળ હતા.
દિવસે, બધા હળીમળીને વારાફરતી એકબીજાના ખેતરે કામ કરતા હતા.
સાંજે, ગામના ચોરે ગામચુલા ઉપર ભેગી રસોઈ બનાવી જમતાં અને એકબીજાના સુખદુ:ખની વાતો કરતા.
બધા ખેતરોનો પાક ભેગો શહેરમાં વેચીને જે પૈસા આવે એ સરખે ભાગે વહેંચતા.


એક દિવસ બે ઠગ કોઈ યોજના સાથે બે મોટી ટ્રકો લઈને આ ગામમાં આવ્યા અને સ્થિતિ બદલાવા લાગી.
યાર, પેલા ગામમાં તો બધાને બરાબર છેતર્યા. હવે અહીં પણ એ જ રીતે હાથ સાફ કરી લઈએ.
આમ, એક ઠગ એક ખેડૂતના ઘરે અને બીજો ઠગ બીજા ખેડૂતના ઘરે જાય છે.
અરે વાહ ! તમારા ખેતરે તો કેવો સરસ પાક થયો છે ? કોઈનેય ત્યાં આટલો સારો પાક નથી થયો.
હા ! આ વખતે વધારે સારો થયો છે. ગામલોકોની સહિયારી મહેનત છે ને !
બહુ ભોળા ! પાક તમારો સૌથી સારો અને પૈસામાં ભાગ સરખો ? તમને તો બધાથી બમણા મળવા જોઈએ.
હા, વાત તો સાચી. પણ ગામનો વર્ષોનો સંપ ના તોડાય.
સંપ ? જરા સામે તો જુઓ.



એ ભાઈ મારી જેમ જ શહેરનો વેપારી છે. કાલે જ એ ખેડૂતે શહેરમાં આવીને એની સાથે સોદો કર્યો છે.
પણ રવજી ગામના બીજા બધાને મૂકીને એકલો જ...
અરે ! હું તમને એના કરતા બમણાં પૈસા આપીશ. તમારો પાક મને આપી દો.
એમ કરી પૈસાની મોટી થોકડી ધરે છે. કાનજી દુ:ખી મને લઈ લે છે.
પેલા ઠગોએ એ જ પ્રમાણે બે જ દિવસમાં તો લગભગ બધા ખેડૂતોને ભોળવીને સોદા નક્કી કરી લીધા. એમની ટ્રકો ભરાવા માંડી.
ધીરે ધીરે ચોરા ઉપર કુટુંબો ઓછાં થતા ગયા. બધાની પોતપોતાના ઘરે જ રસોઈ બનવા લાગી. ગામચૂલો સુનો થઈ ગયો.
બીજા દિવસથી બધા પોતપોતાના ખેતરોમાં જ કામ કરવા લાગ્યા. કોઈ ખુશ નહોતું. ગેરસમજો ઊભી થવા માંડી અને ઝઘડા પણ થવા લાગ્યા.


આ બધું જોઈને કાનજીથી ના રહેવાયું. આખરે ઐણ રવજીને પૂછી જ લીધું.
ભાઈ રવજી, કેમ વર્ષોનો સંપ તે તોડી નાખ્યો ?
અરે ભાઈ, મેં તો સાંભળ્યું કે શરૂઆત તો તે જ કરી. પછી બધા ગામવાળાએ પણ એ જ કર્યું.
મેં ? ભલા માણસ, ગામથી પહેલા તો તું શહેરમાં જઈ સોદો કરી આવ્યો, તને પૈસા લેતા મેં જોયો છે.
અરે હોય ? હું તો શહેર ગયો જ નથી. અને પૈસા ? એ તો એ ભાઈ મારી પત્નીના ગામના છે કહી વધારાના પૈસા સાચવવા વિનંતી કરી એટલે...
હે ભગવાન ! મેં શું કર્યું ? સ્વાર્થમાં આખા ગામના કકળાટનું કારણ બની ગયો.
તું ખરેખર એને ઓળખે છે ?
જોયો તો નથી, પણ એણે ઓળખાણો તો બધી સાચી આપી હતી એટલે....
રવજીએ એની પત્નીને અટકાવીને તરત પૈસા, બરાબર ધ્યાનથી જોયા તો નકલી હતા.


આ શું ? તારા પૈસા પણ જો તો કાનજી.
આ પણ બધા નકલી જ છે. આખા ગામને ઠગી લીધા.
ભાઈ ! હજી કંઈ મોડું નથી થઈ ગયું.આ ઠગોને આપણે ભાગવા નહીં દઈએ, ચાલ...
બૂમાબૂમ કરી બંને જણા પેલા બે ટ્રકો પાસે ગયા, પાછળ પાછળ ગામ લોકો પણ બૂમો સાંભળીને આવ્યા.
પેલા બંને ઠગ તો આ જોઈને, જીવ બચાવીને ટ્રકો મૂકીને, ઊભી પૂંછડીએ દોડી ગયા.
બે ઠગ ગામને લુંટી તો ના શક્યા, પણ મોટો પાઠ ભણાવતા ગયા કે જ્યાં સુધી સંપ છે, ત્યાં સુધી જ સુખ, શાંતિ અને સલામતી છે. બીજા દિવસથી પાછું આ ગામડું ખુશખુશાલ થઈ ગયું.



# રીઅલ લાઈફ સ્ટોરી





પશ્ચિમી ઓસ્ટ્રેલિયાના પર્થથી ૯ કિ.મી. દૂર સ્થિત સ્ટર્લિંગ સ્ટેશન પર યાત્રીઓની કોઠાસૂઝ અને હિંમતથી એક વ્યક્તિનો જીવ બચી ગયો. વાત જાણે એમ હતી કે બુધવારે સવારે એક વ્યક્તિનો પગ પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે ફસાઈ ગયો હતો. ઝડપથી ટ્રેન પકડવા જતા આ દુર્ઘટના બની હતી.

ઘટનાને નજરે જોનારાઓના જણાવ્યા અનુસાર, સવારે ૮:૫૦ વાગે ટ્રેન પકડવા જતા એક વ્યક્તિનું સંતુલન બગડી ગયું હતું અને તે ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે ફસાઈ ગયો હતો. ત્યાં હાજર રહેલા લોકોએ અને રેલ્વે સ્ટાફે તત્પરતા બતાવી અને ૧૦,૦૦૦ ટન ટ્રેનને આડી કરીને ફસાયેલી વ્યક્તિને બચાવી.

રેલ્વે નેટવર્ક કંપની ટ્રાન્સપર્થના પ્રવક્તા ડેવિડ હાઈન્સે જણાવ્યું કે "તે દરવાજાની સામે જ ઊભો હતો. જેવી ટ્રેન આવી કે તેમાં ઘુસવા ગયો અને એવામાં જ પગ ગેપમાં ફસાઈ ગયો. અમે તુરંત જ ડ્રાઈવરને આ અંગેની સૂચના આપી કે જેથી તે ટ્રેન ના ચલાવે."

ડેવિડે જણાવ્યું કે 'અમારો સ્ટાફ અને કેટલાક સંવેદનશીલ યાત્રીઓએ મળીને ટ્રેનને ઊંચી કરી વ્યક્તિનો પગ બહાર કાઢ્યો.'

આશ્ચર્યની વાત તો એ છે કે ગેપમાં જે વ્યક્તિનો પગ ફસાઈ ગયો હતો તેને ભાગ્યે જ કોઈ ઈજા પહોંચી હતી. લોકો આજે પણ મુસાફરોની સંવેદનશીલતા અને સંપના વખાણ કરી રહ્યાં છે.

રોજિંદા કામકાજના દિવસની સવારના સમયમાં દરેક જણ દોડાદોડીમાં હોય. વિધાર્થીઓએ સ્કૂલો, કોલેજોમાં મોડું થતું હોય. નોકરિયાતને સમયસર ટ્રેન પકડીને નોકરીએ પહોંચવાની ઉતાવળ હોય. ધંધાદારી કે વ્યવસાયી લોકોને પણ વધારાનો સમય ના હોય. આ સમયે મોટા ભાગના લોકો એવા હશે કે જેમને સમય વેડફવો એટલે નાણાંકીય નુકસાન વહોરવું. આવામાં જો લોકો પોતાનું બાજુએ મૂકીને કોઈ અજાણ્યાને મદદ કરવાનું વિચારે તો એ તો સંપની પરકાષ્ઠા કહેવાય. આ બધા અજાણ્યા મુસાફરોએ સ્વાર્થ ભૂલીને એકસાથે મળીને દુનિયાને પહેલાં કદી ના જોયું હોય, એવું ઉદાહરણ આપ્યું.



# ચાલો રમીએ

**૧.** બાજુના ચોકઠામાં આપેલી વસ્તુઓ નીચેના ચીત્રમાં શોધો.









## ૩. બાજુમાં આપેલું ચિત્ર જોઈ, એ પ્રમાણે નીચેના ચોકઠામાં નંબર લખી આખું ચિત્ર બનાવો



## ૨. રસ્તો શોધો.




## ૪. નીચે આપેલ ચોકઠામાં ઉભી અને આડી લાઇનમાં ૧ થી ૯ આંકડા માંથી કોઈ પણ આંકડો ફરી ના આવે એ રીતે સુડોકુ ગોઠવો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | | | 2 | | 1 | 9 |
| | | | 3 | 5 | 1 | | 8 | 6 |
| 3 | 1 | | | 9 | 4 | 7 | | |
| | 9 | 4 | | | | | | 7 |
| | | | | | | | | |
| 2 | | | | | | 8 | 9 | |
| | | 9 | 5 | 2 | | | 4 | 1 |
| 4 | 2 | | 1 | 6 | 9 | | | |
| 1 | 6 | | 8 | | | | 7 | |



# મીઠી યાદેં

૨૦૦૨ની વાત છે. બોમ્બે પર્યુષણ હતું. નીરુમા સાથે ત્રણ ભાઈઓ સત્સંગ શૂટિંગ માટે જવાના હતા. એક ભાઈ નવા નવા જ બ્રહ્મચર્ય ગ્રુપમાં જોડાયા હતા, એનો નીરુમા સાથે જવાનો ચાન્સ મળી ગયો.

બનવાકાળ એને બોમ્બે પહોંચ્યા કે તરત જ તાવ આવી ગયો. ૧૦૪ ડીગ્રી તાવ.

હવે શૂટિંગ માટે ગણીને ત્રણ જ જણા ગયા હતા. એમાં ત્રણ કેમેરા અને એક મિક્સર, આટલું સંભાળવાનું હોય. એમાં એકને તાવ આવી જવાથી મેનેજ કરવું મુશ્કેલ બની ગયું.

છતાં નીરૂમાએ શાંતિથી પેલા ભાઈને કહ્યું, તું આરામ કર. તારે સત્સંગમાં આજે નથી આવવું.

નીરૂમા જ્યારે રાત્રે ઘરે આવ્યા, ત્યારે એ ભાઈ સૂતા હતા. નીરૂમાએ આવી એમના કપાળ પર હાથ ફેરવી એનો તાવ ચેક કરતા હતા. એ ભાઈ જાગી ગયા અને જોયું તો એમનું માથું નીરૂમાના ખોળામાં હતું.

નીરૂમાએ એમને પૂછ્યું, તારે શું ખાવું છે કહે. તને જે ભાવે એ બનાવું. હું જાતે બનાવીશ.

નીરૂમાએ એમના માટે ખીચડી બનાવી અને જાતે જમાડી.

એક બાજુ નીરૂમાનો સત્સંગ ચાલું છે, શૂટિંગ બગડે છે, અને એ ભાઈને તાવ આવે છે, છતાંય નીરૂમા એટલા જ સ્વસ્થ હતા, એવું કંઈ નહીં કે આટલું બધું બગડે છે ને આ સૂતો છે.

ઉલટું, તેઓ તો એ ભાઈને કહેતા હતા, તું એની ચિંતા ના કર, તું આરામ જ કર.

આમ નીરુમાએ એમની ખરેખરી માની જેમ માવજત કરી હતી.


**અહો ! અહો ! વાત્સલ્યમૂર્તિ નીરુમા !**

## પઝલના જવાબો

૧



૨



૩



૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 6 | 7 | 8 | 2 | 3 | 1 | 9 |
| 9 | 7 | 2 | 3 | 5 | 1 | 4 | 8 | 6 |
| 3 | 1 | 8 | 6 | 9 | 4 | 7 | 2 | 5 |
| 6 | 9 | 4 | 2 | 3 | 8 | 1 | 5 | 7 |
| 7 | 8 | 3 | 9 | 1 | 5 | 2 | 6 | 4 |
| 2 | 5 | 1 | 4 | 7 | 6 | 8 | 9 | 3 |
| 8 | 3 | 9 | 5 | 2 | 7 | 6 | 4 | 1 |
| 4 | 2 | 7 | 1 | 6 | 9 | 5 | 3 | 8 |
| 1 | 6 | 5 | 8 | 4 | 3 | 9 | 7 | 2 |

સીમંધરસીટીમાં નવરાત્રી ઉત્સવ દરમ્યાન ગરબા લેતા, આંનદમાં દેખાતા, બેબી એમ.એચ.ટીના બાળકો...





Akram Express

November 2016
Year : 9, Issue : 3
Conti. Issue No.: 99

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# આયો આયો રે... આંનદ લાયો રે...



## દાદાનો જન્મ દિવસ

બાળમિત્રો,

વલસાડમાં તા. ૯ થી ૧૫ નવેમ્બર ૨૦૧૬ દરમ્યાન પરમ પૂજ્ય દાદાશ્રીનો ૧૦૯મો જન્મજંયતિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જેમાં તમારા માટેનું ખાસ આકર્ષણ છે, તમારું મનગમતું ચિલ્ડ્રન પાર્ક. જેમાં છે મલ્ટીમિડિયા શો, પપેટ શો, એમ્ફી થીએટર અને ટોટલ એકસપીરીયન્સ. તો તમે બધા તમારા મમ્મી-પપ્પા સાથે આ ચિલ્ડ્રન પાર્ક જોવા ખાસ આવજો. જો જો, તમારા મિત્રોને સાથે લાવવાનું ભૂલતા નહીં હોં.

સ્થળ : આઈ. પી. ગાંધી હાઈસ્કૂલ સામે, વાંકી નદી પાસે,
જુજવા ગામ, ધરમપુર રોડ, વલસાડ.
સમય : ૫ થી ૧૦
સંપર્ક : ૯૯૨૪૩ ૪૩૨૪૫







અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એકસપ્રેસ છેલ્લી અક્રમ એકસપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 ##. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેંગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.